# વડનગરનો નાગર[1] જૈન સંઘ

પં૦ અમૃતલાલ મોહનલાલ ભોજક

વડનગરમાં નાગરવણિકોનો જૈન સંઘ હતો એમ જેના આધારે જાણી શકાય છે તે વડનગરના નાગર જૈન સંઘ તરફથી વિક્રમના ૧૮મા શતકમાં **નારાયણપુર**(નરૈના[2]-રાજસ્થાન)સ્થિત તપાગચ્છીય આચાર્ય શ્રીવિજયપ્રભસૂરિજી પ્રત્યે લખાયેલો એક અપ્રસિદ્ધ વિજ્ઞપ્તિલેખ અહીં મુખ્યતયા આપવામાં આવ્યો છે. સાથે સાથે એક સચિત્ર કલ્પસૂત્રની અપ્રસિદ્ધ પ્રશસ્તિ પણ આ લેખમાં આપી છે. આ કલ્પસૂત્ર પણ વડનગરના નાગરશ્રેષ્ઠીએ લખાવેલું છે.

પ્રસ્તુતને પૂરક થાય તેવી કેટલીક સામગ્રી મારા જોવામાં આવી[3] તેથી વડનગર નાગરગચ્છ નાગરવણિક્જ્ઞાતિ વગેરે માટે પ્રાસંગિક જણાવીને ઉપર્યુક્ત વિજ્ઞપ્તિલેખ તથા પ્રશસ્તિ આપવી ઉચિત માની છે.

---

૧ નાગરજ્ઞાતિ અને તેના સંપ્રદાય વિષે પ્રાચીન-અર્વાચીન જૈન-અજૈન સાહિત્યનું ચીવટપૂર્વક અન્વેષણ કરીને તથા આજે વહીવંચાનાં પ્રાચીન સમયનાં જે ઓળિયાં મળે છે તે અને તેવા જ પ્રકારની અન્ય સામગ્રીના અભ્યાસને અંતે જ પૂરો પ્રકાશ પાડી શકાય. આ પ્રકારના અન્વેષણમાં નાગરજ્ઞાતિની ઉત્પત્તિ, તેનો વ્યવસાય, નિવાસસ્થળો, સંપ્રદાયો, સંપ્રદાયપરિવર્તનો અને તેનાં કારણો વગેરે બાબતોને લગતી ઘણી સામગ્રી મળવાનો સંભવ રહે. અને તે સામગ્રી એક લેખરૂપે રજૂ કરી શકાય કે એક ગ્રંથરૂપે ? તેનું સ્પષ્ટીકરણ સંપૂર્ણ અન્વેષણના અંતે જ થઈ શકે. આવું અન્વેષણ લાંબો સમય માગે, જે મારા માટે મુશ્કેલ છે. તેથી અહીં અભિપ્રેત વસ્તુને મુખ્ય રાખી અભ્યાસિવર્ગને કંઈક ઉપયોગી થાય તેવી આનુષંગિક હકીકતો પરિમિત માત્રામાં જ આપી શક્યો છું. અર્થાત્ અહીં નિર્દિષ્ટ હકીકતોને પૂરક હોય તેવી વિશેષ સામગ્રી મળવાનો સંપૂર્ણ અવકાશ હોવા છતાં સમયાભાવને લીધે મેં મર્યાદા નિશ્ચિત કરી છે.

૨ અજમેર–ફુલેરા રેલમાર્ગમાં ' નરૈના ' રેલ્વેસ્ટેશન છે.

૩ આ સામગ્રી એકત્રિત કરવા માટે મેં જે સંદર્ભગ્રંથો જોયા તેનો ઉલ્લેખ યથાસ્થાને આવશે જ. તે સિવાયના બીજા સંદર્ભગ્રંથો છે તે મેં જોયા નથી. તેનાં મુખ્ય બે કારણો છે : એક તો સમય વિશેષ થાય, અને બીજું, મારા સંક્ષિપ્ત અવલોકનથી નોંધેલી હકીકતો આ લેખના નિર્દેશ્યને ઠીક ઠીક પ્રમાણમાં પૂરક થશે તે છે. આ કારણથી અહીં નોંધેલી હકીકતો સિવાયની પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ હકીકતો અપાઈ ન હોય તે બદલ તજ્જ્ઞોને દરગુજર કરવા વિનંતિ કરું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વડનગર :** ભારતનાં પ્રાચીનતમ નગરોની ગણનામાં આવતું વડનગર ઉત્તર ગુજરાતમાં આવેલું છે. મહેસાણા જંકશનથી તારંગાહીલ જતા રેલમાર્ગમાં વડનગર રેલવે સ્ટેશન છે. આનંદપુર, વૃદ્ધનગર, ચમત્કારપુર, મદનપુર વગેરે તેનાં પ્રાચીન નામો મળે. **પ્રાચીન સમયમાં વડનગરનું એક નામ 'અર્કસ્થલી'[૪] પણ હતું, આ નામ અલ્પજ્ઞાત છે.** ઘણાં સૂર્યમંદિરો હોવાને કારણે કદાચ તે અર્કસ્થલીના નામે ઓળખાતું હશે! અનેક પ્રાચીન ગ્રંથોમાં આનંદપુરના[૫] ઉલ્લેખો પ્રચુર માત્રામાં ઉપલબ્ધ થાય છે. તેથી કહી શકાય કે તે સમયમાં આનંદપુર તેની આજુબાજુના વિશાળ પ્રદેશમાં પોતાનું આગવું વૈશિષ્ટ્ય ધરાવતું મહાનગર હતું. ટૂંકમાં જણાવવાનું એટલું જ કે વર્તમાન સમયમાં એક મોટા ગામ જેવું લાગતું આજનું વડનગર પ્રાચીન કાળમાં શ્રી-સરસ્વતીના ધામ સમું મહાનગર હતું.

**નાગરગચ્છ :** જેમ કેટલાક ગચ્છોનાં નામ તેમનો જે સ્થળમાં ઉદ્‌ભવ થયો હોય તેની સાથે[૬] જોડાયેલાં છે તેમ કેટલીક વાર નૂતનગચ્છના આચાર્ય અને તેમની સાથેના શ્રમણવર્ગની પૂર્વાવસ્થાનાં જે જે કુળો હોય તે કુળોની સાથે પણ ગચ્છનું નામ જોડવામાં આવતું. દા૦ ત૦, પલ્લીવાલગચ્છ, ખડાયતાગચ્છ, નાગરગચ્છ વગેરે. 'નાગરગચ્છના આદ્યાચાર્ય નાગરવંશીય હોવા જોઈએ અને પ્રારંભમાં તેમના શિષ્ય-વર્ગમાં તેમ જ ઉપાસક વર્ગમાં અન્યવંશીય શિષ્ય-ઉપાસકવર્ગની અપેક્ષાએ નાગરવંશીય વ્યક્તિઓનું પ્રાચુર્ય વિશેષ હશે' આ અનુમાન અસંગત નહીં લેખાય. નાગરગચ્છના આદ્યાચાર્ય નાગરબ્રાહ્મણકુળના કે નાગરવણિકકુળના હતા? આ સંબંધમાં વિશેષ હકીકતો ન મળે ત્યાં સુધી નિશ્ચયાત્મક કહી શકાય તેમ

---

૪ "दुणामे कए जहा—आणंदपुरं अक्कत्थली, अक्कत्थलीं आणंदपुरं।" સન્મતિજ્ઞાનપીઠ-આગરા-દ્વારા પ્રકાશિત 'ભાષ્ય-ચૂર્ણિસમન્વિત નિશીથસૂત્ર' વિભાગ ૩, પૃ૦ ૧૯૨. આ ઉલ્લેખ અને આ પાદટીપમાંનો 'સંખડી'નો ઉલ્લેખ ડૉ૦ શ્રી ભોગીલાલ જ૦ સાંડેસરાએ તેમના 'જૈન આગમસાહિત્યમાં ગુજરાત' નામક ગ્રંથમાં નોંધ્યા છે.

૫ આ ઉલ્લેખો યત્રતત્ર પ્રસિદ્ધ થયેલા છે. તેમાંનો એક અલ્પજ્ઞાત ઉલ્લેખ અહીં નોંધું છું. વર્તમાન સમયમાં પ્રતિવર્ષ કાર્તિક શુક્લ પૂર્ણિમાને દિવસે સરસ્વતીસ્નાનના મહિમાને લક્ષીને **સિદ્ધપુર(માતૃગયા)**માં જે લાખ ઉપરાંત **માનવમેદનીનો મેળો ભરાય છે** તેની પ્રાચીનતા સૂચવતા ઉલ્લેખમાં પણ આનંદપુરનું પ્રાધાન્ય જણાવ્યું છે. આ ઉલ્લેખનો સંકેત 'બૃહત્કલ્પસૂત્રના ભાષ્ય'માં છે અને તેનું સ્પષ્ટીકરણ બૃહત્કલ્પસૂત્રની ચૂર્ણિ(અપ્રકાશિત)માં અને તદનુસાર ટીકામાં પણ છે. આ ચૂર્ણિપાઠનું અવતરણ મારા ગુરુ વિદ્વદ્વર્ય મુનિયુગલ ગુરુ-શિષ્ય **શ્રી ચતુરવિજયજી-પુણ્યવિજયજી** દ્વારા સંપાદિત 'સનિર્યુક્તિ-ભાષ્ય-ટીકોપેત બૃહત્કલ્પસૂત્ર' (વિભાગ ૩)ના પૃ૦ ૮૮૩ની ૭મી ટિપ્પણીમાં આપ્યું છે; ઉપરાંત, તેના ૧૩મા **પરિશિષ્ટમાં** (વિભાગ ૬, પારિશિષ્ટ પૃ૦ ૧૮૮) પણ નોંધ્યું છે. પ્રસ્તુત અવતરણ આ પ્રમાણે છે—"………पादीणवाहम्मि ॥३१५०॥ ………पाचीणवाहो सरस्सईए, तत्थ आणंदपुरगा जधाविभवेणं वच्चंति सरए।" **અર્થાત્—આનંદપુરના લોકો પોતાની આર્થિક ગુંજાશને અનુરૂપ રીતે શરદૃઋતુમાં જે સ્થાનમાં સરસ્વતીનો પૂર્વપ્રવાહ છે ત્યાં જાય છે.** જ્યાં જનસમૂહ મેળારૂપે એકત્રિત થઈને મોટી ઉજાણી જેવા ભોજનસમારંભો કરતો હોય તેને જૈન પરિભાષામાં સંખડી કહે છે. નિર્ગ્રન્થોને સંખડીમાં બનેલા આહારના ગ્રહણનો નિષેધ કરતાં, આવા સમારંભો જ્યાં જ્યાં થતા તે તે સ્થાનોની વિસ્તૃત નોંધ આપી છે તેમાં આ ઉલ્લેખ આવે છે. કહેવાની મતલબ એટલી જ કે ત્યાં જનસમૂહ જતો એટલું જ નહીં પણ વિશેષમાં ત્યાં જમણવાર વગેરે કરીને એક પ્રકારનો ઉત્સવ ઉજવાતો હતો. આ અવતરણમાં આવતા 'સરસ્વતીનો પૂર્વપ્રવાહ' અને 'શરદૃઋતુ' શબ્દોના આધારે ઉક્ત જનસમૂહને એકત્રિત થવાનું સ્થળ અને સમય નિશ્ચિત કરી શકાય છે. અને સાથે સાથે સિદ્ધપુરનો નામોલ્લેખ ન હોવાથી એ પણ જાણી શકાય છે કે સિદ્ધપુરની સ્થાપના પહેલાં પણ પ્રસ્તુત મેળો ત્યાં થતો હતો. પ્રસ્તુત ઉલ્લેખનો સંકેત ભાષ્યમાં છે અને ભાષ્યકાર શ્રી સંઘદાસગણિ ક્ષમાશ્રમણનો સમય પ્રાયઃ વિક્રમનો પાંચમો શતક છે. આથી આ મેળાની પ્રણાલિકા વિક્રમના પાંચમા શતક પહેલાંની છે. આજે ઊજવાતા લોકોત્સવો કેટલા પ્રાચીન હોય છે, તે આ ઉપરથી સમજી શકાય છે.


૬ દા૦ ત૦ વાયડગચ્છ, વડગચ્છ, હારીજગચ્છ, થારાપદ્રીય ગચ્છ, હર્ષપુરીય ગચ્છ, નાગોરી ગચ્છ વગેરે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



વિક્રમના ૧૮મા સૈકામાં વડનગરના નાગર જૈન સંઘે નારાયણા(વર્તમાન નરૈના, રાજસ્થાન)માં બિરાજતા આચાર્ય શ્રીવિજયપ્રભસૂરિજી ઉપર લખેલ વિજ્ઞપ્તિ-પત્રના ચિત્રવિભાગનો અંતિમ ભાગ (જુઓ પૃ. ૮૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





વડનગરના નાગરગૃહસ્થ આંબાએ વિ. સં. ૧૫૪૭માં લખાવેલ સચિત્ર કલ્પસૂત્રના પ્રશસ્તિવાળા અંતિમ(૧૩૦ મા)પત્રના બન્ને બાજું (જુઓ પૃ. ૯૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી, છતાં સ્થવિરભગવાન્ શ્રી સ્થૂલભદ્રજી[૭] તથા શ્રમણભગવાન મહાવીરની બત્રીસમી પાટે વિક્રમના આઠમા શતકમાં થયેલા આચાર્યશ્રી યશોદેવસૂરિ[૮] નાગરબ્રાહ્મણ હતા તેથી નાગરગચ્છના આદ્યાચાર્ય પૂર્વાવસ્થામાં કદાચ બ્રાહ્મણકુળના હોય એવું અનુમાન કરવાની સહજ લાલચ થાય છે. નાગરગચ્છનો પ્રારંભ ક્યારે થયો? અને તેના આદ્યાચાર્ય કોણ હતા? તે મારી જાણમાં નથી, છતાં વિક્રમ સંવત[૯] ૧૧૧૮ના પ્રતિમાલેખમાં નાગરગચ્છનું નામ મળે છે તેથી તેનો પ્રારંભ વિક્રમના બારમા શતક પહેલાંનો નિશ્ચિત થાય છે. નાગરગચ્છના ઉલ્લેખવાળા વિક્રમસંવત ૧૨૯૩[૧૦], ૧૩૮૭[૧૧], ૧૩૯૪[૧૨], તથા ૧૪૫૭[૧૩] ના પ્રતિમાલેખો પણ મળે છે. મુનિરાજ શ્રી દર્શનવિજયજીસંકલિત 'જૈન પરંપરાનો ઇતિહાસ ભા૦ ૨'ના ૭૧૨મા પૃષ્ઠમાં "નાગરગચ્છનું બીજું નામ વડનગરગચ્છ હતું. મેત્રાણા એ મધ્યકાળમાં નાગરગચ્છનું જૈનતીર્થ હતું." એમ જણાવેલું છે. સાથે સાથે નાગરગચ્છના ઉલ્લેખવાળા વિ૦ સં૦ ૧૩૦૯ના શિલાલેખનો નિર્દેશ પણ તે જ પૃષ્ઠમાં કર્યો છે. ટૂંકમાં એટલું જ જણાવવાનું કે શ્વેતાંબર જૈન પરંપરાના અનેક પ્રાચીન ગચ્છોની ગણનામાં નાગરગચ્છ પણ હતો.

**જૈનધર્માનુયાયી નાગરવંશ–નાગરજ્ઞાતિ :** પ્રાચીન શિલાલેખો તથા પ્રતિમાલેખો જોતાં જણાય છે કે પ્રાચીન સમયમાં જૈનધર્માનુયાયી નાગરવણિકવંશ-જ્ઞાતિનો મોટો વર્ગ શ્વેતાંબર અને દિગંબર પરંપરામાં હતો. શ્વેતાંબર પરંપરાના નાગરગચ્છના પ્રારંભમાં નાગરવંશીય ઉપાસકો નાગરગચ્છ તરફ ઢળેલા હોય તે સહજ વસ્તુ છે. આમ છતાં ગચ્છ અને જ્ઞાતિના મમત્વમાં સંડોવાયેલા બેસમજ દૃષ્ટિરાગી વર્ગથી અતિરિક્ત કોઈ પણ ગચ્છના સમજદાર ઉપાસક વર્ગનો પ્રત્યેક ગચ્છના મુનિઓ, સહધર્મીઓ અને ધર્મસ્થાનો પ્રત્યે અભિન્ન ભક્તિભાવ હોય જ તે સમજી લેવું જોઈએ.

વિક્રમના તેરમા શતકથી સોળમા શતક સુધીના ગાળામાં જેમ જેમ નાગરગચ્છીય મુનિવર્ગની સંખ્યાનો ઉત્તરોત્તર હ્રાસ થતો આવ્યો તેમ તેમ નાગર ઉપાસકો જુદા જુદા ગચ્છોના આચાર્યોથી પ્રભાવિત થઈ ને તે તે ગચ્છને અનુસર્યા હશે. મેં મારા અતિપરિમિત અન્વેષણમાં જે પ્રતિમાલેખો જોયા તેમાં નાગરજ્ઞાતિના ઉપાસકોએ કરાવેલી જિનપ્રતિમાઓની જુદા જુદા ગચ્છના[૧૪] આચાર્યોએ પ્રતિષ્ઠા કરાવ્યાના ઉલ્લેખો મળ્યા છે. ટૂંકમાં પાછળના સમયમાં નાગર ઉપાસકો જુદા જુદા ગચ્છોમાં વહેંચાઈ ગયા હશે.

---

૭ હીરસૌભાગ્યકાવ્યના ચોથા સર્ગના ૩૧મા પદ્યની વૃત્તિમાં શ્રી સ્થૂલભદ્રજીને નાગરબ્રાહ્મણ જણાવ્યા છે. આ ઉપરાંત જુઓ શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ લિખિત "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", પૃ૦ ૩૭.

૮ अजनि रजनिजानिर्नागरब्राह्मणानां विपुलकुलपयोधौ श्रीयशोदेवसूरिः ।
प्रवरचरणचारी भारतीकण्ठनिष्काभरणबिरुदधारी शासनोद्योतकारी ॥
(શ્રીયશોવિજય ગ્રન્થમાલાપ્રકાશિત શ્રીમુનિસુંદરસૂરિરચિત ગુર્વાવલી, પદ્ય ૪૩)

૯ જુઓ મુનિરાજશ્રી જયન્તવિજયજીસંપાદિત "અર્બુદાચલપ્રદક્ષિણાજૈનલેખસંદોહ (આબૂ ભા૦ ૫)" લેખાંક–૩૯૭.

૧૦ જુઓ ઉપાધ્યાયશ્રી વિનયસાગરસંપાદિત "પ્રતિષ્ઠાલેખસંગ્રહ" લેખાંક–૫૭.

૧૧ જુઓ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિસંપાદિત "જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ ભા૦ ૧" લેખાંક–૧૨૩૭.

૧૨ જુઓ આચાર્યશ્રીબુદ્ધિસાગરસૂરિસંપાદિત "જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ ભા૦ ૨" લેખાંક–૧૩. **અહીં નાગરજ્ઞાતિ** શબ્દ પણ મળે છે.

૧૩ જુઓ શ્રી અગરચંદજી નાહટા-શ્રી ભઁવરલાલજી નાહટા-સંપાદિત "બીકાનેર જૈનલેખસંગ્રહ" લેખાંક–૫૭૯.

૧૪ **તપાગચ્છ :** જુઓ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિસંપાદિત 'જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ ભા૦ ૧' લેખાંક ૬૪૦ (સંવત ૧૫૬૦), અને લેખાંક ૧૪૩૯ (સં૦ ૧૫૭૨). તથા મુનિરાજ શ્રી વિશાલવિજયજીસંપાદિત 'રાધનપુરપ્રતિમાલેખસંદોહ' લેખાંક ૩૨૪ (સં૦ ૧૫૬૪).
**અંચલગચ્છ :** જુઓ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિસંપાદિત 'જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ ભા૦ ૧' લેખાંક ૩૦૬ (સં૦ ૧૫૦૯) તથા શ્રી અગરચંદજી નાહટા-શ્રી ભઁવરલાલજી નાહટાસંપાદિત 'બીકાનેર જૈન લેખસંગ્રહ' લેખાંક ૨૩૪૩ (સં૦ ૧૫૩૧).



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથક્ પૃથક્ પ્રતિમાઓ કરાવ્યા ઉપરાંત સમૃદ્ધ નાગરશ્રેષ્ઠીઓએ ઉત્તુંગ જિનમંદિરો કરાવ્યાના ઉલ્લેખો નીચે આપું છું :

વડનગરના વતની નાગરજ્ઞાતિની લઘુશાખાના ભદ્રસિઆણાગોત્રમાં થયેલા ગાંધી દેપાલના પ્રપૌત્ર બાહુ શ્રેષ્ઠી દ્રવ્યોપાર્જન કરવા માટે વડનગર છોડીને ખંભાત આવેલા અને અતિધનાઢ્ય થયેલા. તેમણે વિ૦ સં૦ ૧૬૪૯માં કાવીતીર્થમાં યુગાદિજિનનો સર્વજિત્ નામનો જિનપ્રાસાદ (બાવનજિનાલય મંદિર) બનાવ્યો હતો અને તેની પ્રતિષ્ઠા તપાગચ્છીય આચાર્ય શ્રી વિજયસેનસૂરિજીએ કરાવી હતી.[૧૫] ત્યાર પછી પાંચ જ વર્ષના અંતરમાં બાહુ શ્રેષ્ઠીના પુત્ર કુંવરજી શ્રેષ્ઠીએ કાવીમાં જ શ્રી ધર્મનાથજી ભગવાનનો રત્નતિલક નામનો જિનપ્રાસાદ (બાવનજિનાલય મંદિર) બંધાવ્યો હતો.[૧૬] આ બે મહાપ્રાસાદો આજે પણ મોજૂદ છે અને 'સાસુ-વહુનાં મંદિરો'ના નામે ઓળખાય છે.

ધાંધા નામના નાગરશ્રેષ્ઠીએ લખાવેલા કલ્પસૂત્રની પ્રશસ્તિમાં[૧૭] ધાંધાના પિતા આનંદશ્રેષ્ઠીએ **પિલ્લાહિકા** (પીલવાઈ—ગુજરાત) ગામમાં જૈનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે.

દિગંબરપરંપરાનુયાયી નાગર વણિકો પણ હતા તેનાં બે ઉદાહરણ અહીં જણાવું છું.—૧. વિ૦ સં૦ ૧૧૬૬માં માથુરાન્વય છત્રસેનગુરુના ઉપાસક ભૂષણ નામના નાગરશ્રેષ્ઠીએ ઉચ્છૂણકનગરમાં જિનમંદિર બંધાવ્યાનો શિલાલેખ મળે છે.[૧૮] તથા ૨. વિ૦ સં૦ ૧૬૨૮માં મૂલસંઘીય આચાર્ય શ્રીસુમતિકીર્તિગુરુના ઉપદેશથી નાગરજ્ઞાતીય પનાનામના શ્રેષ્ઠીએ શ્રીપાર્શ્વનાથ ભગવાનની ધાતુપ્રતિમા કરાવ્યાનો ઉલ્લેખ મળે છે.[૧૯] દિગંબરસાહિત્ય તથા સંદર્ભગ્રંથોનું અન્વેષણ કરવાથી એતદ્વિષયક વિશેષ ઉલ્લેખો મળી શકે જ. યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિસંપાદિત (વિ૦ સં૦ ૧૯૭૩માં પ્રકાશિત) "જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ"ના પહેલા ભાગની પ્રસ્તાવનાના ૧૨મા પૃષ્ઠમાં જણાવ્યું છે કે "દિગંબરો તથા શ્વેતાંબરોમાં મધ્યપ્રાંત, દક્ષિણ વગેરેમાં કેટલાક નાગર જૈનધર્મી છે." આથી ટૂંકમાં એમ કહી શકાય કે, દિગંબર અને શ્વેતાંબર પરંપરામાં પ્રાચીન સમયથી આરંભી વિક્રમના વીસમા શતક સુધી નાગરકુળો હતાં. ઉક્ત પ્રસ્તાવનામાં નાગરોને લગતી અન્ય હકીકતોનો પણ નિર્દેશ છે.

વિ૦ સં૦ ૧૫૨૪માં શ્વેતાંબરપરંપરામાં કડુઆમતિગચ્છનો ઉદ્ભવ થયો. આ ગચ્છમાં સાધુવેષનો નિષેધ છે. ધર્મગુરુઓ ગૃહસ્થવેષે જ રહેતા અને તેમને તેમના નામની સાથે ' શાહજી ' કહીને સંબોધવામાં

---

આ ઉપરાંત ' વિધિપક્ષ(અંચલ)ગચ્છીય મહોટી પટ્ટાવલી ભાષાંતર 'માં નાગર ઉપાસકોએ કરાવેલી અને શ્રી જયકીર્તિસૂરિ-જયકેશરિસૂરિ આદિ આચાર્યો દ્વારા પ્રતિષ્ઠિત અનેક ધાતુપ્રતિમાઓનો નિર્દેશ કરેલો છે, જુઓ પૃ૦ ૨૩૧, ૨૩૭-૩૮.

**મલધારગચ્છ** : જુઓ મુનિરાજશ્રી વિશાલ વિ૦ સંપાદિત 'રાધનપુરપ્રતિમાલેખસંદોહ' લેખાંક ૨૨૭ (સં૦ ૧૫૨૦).

**ખરતરગચ્છ** : જુઓ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિસંપાદિત ' જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ ભા૦ ૧ ' લેખાંક ૧૨૪૫ (સં૦ ૧૫૦૭). આ લેખમાં ખરતરગચ્છનું નામ નથી પણ શ્રી જિનરત્નસૂરિનું નામ છે.

૧૫ જુઓ આત્માનંદ જૈન સભા, ભાવનગર-પ્રકાશિત, મુનિશ્રી જિનવિજયજીસંપાદિત "જૈનલેખસંગ્રહ ભા. ૨", લેખાંક ૪૫૧-૪૫૨.

૧૬ જુઓ ઉપરનું પુસ્તક લેખાંક ૪૫૩.

૧૭ જુઓ પદ્મશ્રી મુનિશ્રી જિનવિજયજીસંપાદિત, સિંઘીજૈનગ્રન્થમાલાપ્રકાશિત "જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ", પૃ૦ ૯૩. પ્રસ્તુત પ્રશસ્તિસંગ્રહમાં માત્ર તાડપત્રીય ગ્રંથોની પ્રશસ્તિઓ આપી છે તેથી સૂચિત કલ્પસૂત્રની પ્રશસ્તિમાં સમય નથી લખ્યો છતાં વિક્રમના પંદરમા શતક પછીનો સમય તો ન જ કહી શકાય.

૧૮ જુઓ શ્રી માણિકચંદ્ર દિગંબર જૈન ગ્રન્થમાલા દ્વારા પ્રકાશિત "જૈનશિલાલેખસંગ્રહ ભા. ૩" લેખાંક-૩૦૫ क.

૧૯ જુઓ ઉપાધ્યાયશ્રી વિનયસાગરસંપાદિત " પ્રતિષ્ઠાલેખસંગ્રહ " લેખાંક ૧૦૨૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવતા. પ્રસ્તુત કડુઆમતિગચ્છના આદ્ય પ્રવર્તક કડુઓ શાહ નંડોલાઈ[૨૦]— નાંડોલાઈ (નાડલાઈ-રાજસ્થાન) ગામના વતની અને નાગરજ્ઞાતિની વૃદ્ધશાખામાં થએલા કાન્હજીના પુત્ર હતા. તાત્પર્ય એટલું જ કે જૈન-ધર્માનુયાયી નાગર વણિકોમાં પોતાનો સ્વતંત્ર મત ચલાવી શકે તેવી વગવાળી વ્યક્તિ પણ થયેલી છે. આ કડુઆ શાહ વડનગરનિવાસી હતા તેવું વિધાન પણ મળે છે.[૨૧]

વિ૦ સં૦ ૧૭૯૭માં રચાયેલા શ્રી જ્ઞાનસાગરજીકૃત 'ગુણવર્મારાસ'ની પ્રશસ્તિમાં અંચલગચ્છીય શ્રી મેરુતુંગસૂરિએ નાગર વાણિયાને જૈન બનાવ્યાનો ઉલ્લેખ મળે છે[૨૨] તેથી શ્રી મેરુતુંગસૂરિએ અમુક નાગર વણિકોને જૈનધર્માનુયાયી બનાવ્યા હશે એટલું જ સમજવું જોઈએ. શ્રી મેરુતુંગસૂરિના પહેલાં વિક્રમના બારમાથી પંદરમા શતકના ઉલ્લેખોનો પ્રસ્તુત લેખમાં મેં સ્થળનિર્દેશ કર્યો છે એમાં નાગરગચ્છ, નાગરવંશ, નાગરજ્ઞાતિ, નાગરવણિક વગેરે શબ્દો મળે છે તે ઉપરથી જાણી શકાશે કે શ્રી મેરુતુંગસૂરિના પહેલાં પણ જૈનધર્માનુયાયી નાગર વણિકો હતા.

મારા સંક્ષિપ્ત અવલોકનમાં પ્રાપ્ત થયેલ સામગ્રીમાં જૈનધર્માનુયાયી નાગરો સંબંધી વિવિધ નિવાસ-સ્થાનો, શાખાઓ, ગોત્રો અને અટકોની માહિતી નીચે મુજબ છે :

**નિવાસસ્થાનો :** સોહલાઇ[૨૩] (સુંહાઈ–વડનગર પાસે), પેથાપુર[૨૪], કૂકરવાડા[૨૫], વડનગર[૨૬], ખંભાત[૨૭], અને પિલ્લાહિકા[૨૮] (પીલવાઈ). આ ૭ ગામ-નગરો ગુજરાતમાં જ આવેલાં છે તેથી ગુજરાતમાં જૈનધર્માનુયાયી નાગરો ઠીક ઠીક પ્રમાણમાં હશે તેમ જાણી શકાય છે. આ ઉપરાંત ઉચ્ચૂણક[૨૯] નગર તે ડુંગરપુર પાસે અર્થુણા છે તેનું પ્રાચીન નામ છે. આ સ્થળને ગુજરાત--રાજસ્થાનની સીમા ઉપરનું કહી શકાય. તથા નંડોલાઇ[૩૦] (નાડલાઇ) રાજસ્થાનમાં આવેલું છે.

**શાખાઓ :** નાદીનાગરશાખા[૩૧], વૃદ્ધશાખા[૩૨], અને લઘુશાખા[૩૩].

**ગોત્રો :** ભદ્રસિઆણા ગોત્ર[૩૪], કાઠિયાવી ગોત્ર[૩૫], અને રાદૂ(ઢૂ)આ[૩૬] ગોત્ર.

૨૦ જુઓ પદ્મશ્રી મુનિશ્રી જિનવિજયજીસંપાદિત, સિંઘીજૈનગ્રન્થમાલા દ્વારા પ્રકાશિત 'વિવિધગચ્છપટ્ટાવલિસંગ્રહ'ના પૃ૦ ૧૨૧થી શરૂ થતી 'કડુઆમતિગચ્છપટ્ટાવલિ'નો પ્રારંભ તથા પૃ૦ ૧૫૬થી શરૂ થતી 'કડુઆમતિગચ્છલઘુ-પટ્ટાવલિ'નો પ્રારંભ.

૨૧ જુઓ ઉપરનું પુસ્તક, પૃ૦ ૨૧૯. અહીં કડુઆમતિગચ્છનો પ્રારંભ વિ૦ સં૦ ૧૫૬૨માં લખ્યો છે તે બરાબર નથી લાગતો; સંભવ છે કે કદાચ સં૦ ૧૫૨૬નો અંકવિપર્યાસ થયા હોય.

૨૨ જુઓ શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ સંપાદિત 'જૈન ગુર્જર કવિઓ ભા૦ ૨' પૃ૦ ૧૭૮.

૨૩ જુઓ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિસંપાદિત 'જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ ભા૦ ૧' લેખાંક ૩૦૬ (સં૦ ૧૫૦૯).

૨૪ જુઓ ઉપરનું પુસ્તક લેખાંક ૬૪૦ (સં૦ ૧૫૬૦).

૨૫ જુઓ મુનિરાજ શ્રી વિશાલવિજયજીસંપાદિત 'રાધનપુરપ્રતિમાલેખસંદોહ' લેખાંક ૩૨૪ (સં૦ ૧૫૬૪).

૨૬–૨૭ જુઓ મુનિશ્રી જિનવિજયજીસંપાદિત 'પ્રાચીનજૈનલેખસંગ્રહ ભા૦ ૨' લેખાંક ૪૫૧ (સં૦ ૧૬૪૯).

૨૮ જુઓ પદ્મશ્રી મુનિશ્રી જિનવિજયજીસંપાદિત 'જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ' પૃ૦ ૯૩ (વિક્રમના ૧૫મા શતકથી પછી નહિ).

૨૯ જુઓ શ્રીમાણિકચંદ્ર દિગંબરજૈનગ્રંથમાલાપ્રકાશિત 'જૈનલેખસંગ્રહ ભા૦ ૩' લેખાંક ૩૦૫ ક (સં૦ ૧૧૬૬).

૩૦ જુઓ પદ્મશ્રી મુનિશ્રી જિનવિજયજીસંપાદિત 'વિવિધગચ્છપટ્ટાવલીસંગ્રહ' પૃ૦ ૧૨૧ તથા પૃ૦ ૧૫૬.

૩૧ જુઓ મુનિશ્રી દર્શનવિજયજીસંકલિત 'જૈનપરંપરાનો ઇતિહાસ ભા૦ ૨' પૃ૦ ૭૨૨.

૩૨ કડુઆમતિગચ્છપ્રવર્તક કડુઆ શાહ આ શાખાના હતા (સં૦ ૧૫૨૪).

૩૩–૩૪ જુઓ મુનિશ્રી જિનવિજયજીસંપાદિત 'પ્રાચીન જૈનલેખસંગ્રહ ભા૦ ૨' લેખાંક ૪૫૧ (સં૦ ૧૬૪૯).

૩૫ જુઓ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિસંપાદિત 'જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ ભા૦ ૧' લેખાંક ૨૫૧ (સં૦ ૧૪૨૨).

૩૬ જુઓ મુનિરાજ શ્રીવિશાલવિજયજીસંપાદિત 'રાધનપુરપ્રતિમાલેખસંદોહ' લેખાંક ૨૨૭ (સં૦ ૧૫૨૦).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અટકો**[37]– **વ્ય૦**[38]=વ્યવહારી, **ગોવી**[39] (?) અને **ગોઠી**[40]=ગોઠી, **દો૦**[41] = દોસી, **શ્રે૦**[42] = શ્રેષ્ઠી, **सा०**[43] = સાધુ, સાધુકાર–સાહુકાર, **सं०**[44] = સંઘપતિ-સંઘવી, **शाह**[45] = શાહ, **ठा०**[46] = ઠાકુર–ઠક્કુર, **साह**[47] = શાહ અને **गांधी**[48] = ગાંધી.

લભ્ય વૈયક્તિક ઉદાહરણોથી અતિરિક્ત વિશેષ સામગ્રી ન મળે ત્યાં સુધી નાગર બ્રાહ્મણો સમૂહરૂપે જૈનધર્માનુયાયી હશે કે કેમ ? તે ન કહી શકાય પણ એતદ્વિષયક મારી અલ્પસ્વલ્પ ગવેષણાને પરિણામે જે ઉલ્લેખો મેં અહીં નોંધ્યા છે તેના આધારે નિઃસંદિગ્ધપણે કહી શકાય કે પ્રાચીન સમયમાં અનેક ગામ-નગરોમાં નાગરવણિકો સમૂહરૂપે જૈનધર્માનુયાયી હશે. અહીં પ્રસ્તુત છે તે વિક્રમના ૧૮ મા શતકના પૂર્વાર્ધમાં લખાયેલા વિજ્ઞપ્તિલેખના આધારે સ્પષ્ટ થાય છે કે તે સમયે વડનગરમાં વિવિધ કુટુંબોથી સંગઠિત નાગર વણિકોનો જૈનસંઘ હતો અને તે તપાગચ્છાનુયાયી હતો.

આટલું પ્રાસંગિક જણાવીને સૂચિત વિજ્ઞપ્તિલેખનો પરિચય આપું છું.

પ્રસ્તુત વિજ્ઞપ્તિલેખ ' શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર—અમદાવાદ 'માં રહેલા અનેક પ્રાચીન હસ્તલિખિત ગ્રન્થસંગ્રહો પૈકી ' શ્રી લા૦ દ૦ વિદ્યામંદિર ' તરફથી ખરીદાઈને એકત્રિત થઈ રહેલા ' શ્રી લા૦ દ૦ ગ્રન્થસંગ્રહ 'માં સુરક્ષિત છે. તેનો ક્રમાંક ૪૫૬૨ છે. આ વિજ્ઞપ્તિ-લેખની અંતિમ પંક્તિ પછીના વિનષ્ટ ભાગની પંક્તિનાં માત્રા વગેરે ચિહ્નો દેખાય છે તેથી તેનો અંતિમ ભાગ નષ્ટ થયેલો છે તે જાણી શકાય છે, જેમાં લેખનસંવત્ તથા આગેવાન ગૃહસ્થોના હસ્તાક્ષરો તેમ જ દ્વાદશાવર્ત ગુરુવંદનનો પાઠ હશે.[49] જોકે લેખનસંવત્‌વાળો ભાગ નષ્ટ થયેલો છે, છતાં આ વિજ્ઞપ્તિલેખ નારાયણાસ્થિત તપાગચ્છીય આચાર્યશ્રી વિજયપ્રભસૂરિજી પ્રતિ લખાયેલો છે તેથી તેની સમયમર્યાદા નિશ્ચિત થઈ શકે તેમ છે. વિજયપ્રભસૂરિજીનું નિર્વાણ વિ૦ સં૦ ૧૭૪૯માં થયું છે, અને વિ૦ સં૦ ૧૭૨૯થી ૧૭૩૮ સુધીના તેમના વિહારો મરુભૂમિમાં થયેલા હોઈ આ દશ વર્ષના ગાળામાં પ્રસ્તુત વિજ્ઞપ્તિલેખ લખાયેલો હોવો જોઈએ. વિજયપ્રભસૂરિસંબંધી હકીકતો તપાગચ્છીય પટ્ટાવલીઓમાં સહજ સુલભ છે.

---

૩૭ આ લેખમાં જે મુખ્ય પ્રસ્તુત વિજ્ઞપ્તિલેખ છે તેમાં આ અટકોમાંની મોટા ભાગની અટકો આવે છે.

૩૮ જુઓ શ્રીમદ્ બુદ્ધિસા૦ સંપાદિત ' જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ ભા૦ ૧ ' લેખાંક ૩૦૬ (સં૦ ૧૫૦૯).

૩૯–૪૦ જુઓ ઉપરનું પુસ્તક લેખાંક ૫૪૧ (સં૦ ૧૪૮૫).

૪૧ ,, લેખાંક ૬૪૦ (સં૦ ૧૫૧૪).

૪૨ ,, લેખાંક ૨૫૧ (સં૦ ૧૪૨૨), લેખાંક ૩૦૬ (સં૦ ૧૫૦૯), લેખાંક ૩૪૦ (સં૦ ૧૫૧૪) તથા મુનિરાજશ્રી વિશાલવિજયજીસંપાદિત ' રાધનપુરપ્રતિમાલેખસંદોહ ' લેખાંક ૨૨૭ (સં૦ ૧૫૨૦) અને લેખાંક ૩૨૪ (સં૦ ૧૫૬૪).

૪૩ જુઓ ' રાધનપુરપ્રતિમાલેખસંદોહ ' લેખાંક ૨૨૭ (સં૦ ૧૫૨૦) તથા શ્રીવિનયસાગરસંપાદિત ' પ્રતિષ્ઠાલેખસંગ્રહ ' લેખાંક ૧૦૨૬ (સં૦ ૧૬૨૮).

૪૪ જુઓ શ્રીમદ્ બુદ્ધિસા૦ સંપાદિત ' જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ ભા૦ ૨ ' લેખાંક ૧૩ (સં૦ ૧૩૯૪).

૪૫ જુઓ ઉ૦ શ્રીવિનયસાગરસંપાદિત ' પ્રતિષ્ઠાલેખસંગ્રહ ' લેખાંક ૫૭ (સં૦ ૧૨૯૩).

૪૬ જુઓ ઉપરનું પુસ્તક લેખાંક ૧૦૨૬ (સં૦ ૧૬૨૮). ઠાકુર અટક આજે વડનગરના બ્રાહ્મણ કુટુંબમાં છે.

૪૭ જુઓ ' રાધનપુરપ્રતિમાલેખસંદોહ ' લેખાંક ૨૨૭ (સં૦ ૧૫૨૦).

૪૮ જુઓ મુનિશ્રી જિનવિજયજીસંપાદિત ' પ્રાચીનજૈનલેખસંગ્રહ ભા. ૨ ' લેખાંક ૪૫૧થી ૪૫૪. (સં૦ ૧૬૪૯ તથા સં૦ ૧૬૫૪).

૪૯ વિક્રમના ૧૮–૧૯મા શતકમાં લખાયેલા અનેક વિજ્ઞપ્તિલેખોના અંતભાગમાં લેખનસંવત, લેખ લખનાર મુખ્ય આગેવાનોની સહીઓ અને ગુરુવંદનનો પાઠ હોય છે તેના આધારે વિનષ્ટપાઠની કલ્પના કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાગળ ઉપર લખાયેલો આ વિજ્ઞપ્તિલેખ અતિજીર્ણ હોવાથી તેને ઉકેલતાં ટુકડા થઈ જાય તેવી હાલતનો હતો. તેથી તેના ઉપર 'નેશનલ અર્કાઈઝ-ન્યુ દિલ્હી'માં પારદર્શક કપડું ચોડાવેલું છે. તેની કુલ લંબાઈ ૭ ફૂટ ને ૪ ઇંચ તથા પહોળાઈ ૯ ઇંચ છે. તેને બે વિભાગમાં વિભક્ત કરી શકાય : ૧. ચિત્રવિભાગ અને ૨. લેખવિભાગ. ચિત્રવિભાગની લંબાઈ ૨ ફૂટ ને ૯ ઇંચ એટલે કે ૩૩ ઇંચ છે, શેષ લેખવિભાગની લંબાઈ ૪ ફૂટ ને ૭ ઇંચ છે. ચિત્રવિભાગનો પરિચય આ પ્રમાણે છે—પ્રારંભમાં ૧૪ાા ઇંચ લંબાઈમાં તીર્થંકર ભગવાનના જન્મસૂચક ૧૪ સ્વપ્નો છે. ત્યાર પછીની ૪ ઇંચની લંબાઈમાં આચાર્યશ્રીને વિનીતભાવે વંદન કરતા ચાર શ્રાવકોનાં રૂપ છે. તે પછી પાા ઇંચની લંબાઈમાં બાજોઠ ઉપર બેસીને ધર્મોપદેશ કરતા આચાર્ય, તેમની પાછળ બાજોઠ ઉપર બેઠેલા એક શિષ્ય, તેમની સામે વિનીતભાવે હાથ જોડીને બેઠેલા બે શ્રાવકો તથા વંદનક્રિયાપ્રવૃત્ત બે શ્રાવિકાનાં ચિત્રો છે. અને તેના પછીની ૯ ઇંચની લંબાઈમાં આલેખાયેલા સામૈયાના પ્રસંગમાં નર્તક, મૃદંગવાદક, તાલવાદક તથા ભૂંગળવાદકની આકૃતિઓ અને હાથી ઉપર બેઠેલા બે પુરુષની આકૃતિઓ છે. આમ કુલ ૩૩ ઇંચમાં ચિત્રવિભાગ પૂર્ણ થાય છે. આ ચિત્રવિભાગમાં આવતાં પુરુષ-સ્ત્રીઓનાં ચિત્રો ગુજરાતની તત્કાલીન વેશભૂષાનાં સૂચક છે. શેષ વિભાગમાં વિજ્ઞપ્તિલેખ આવેલો છે. લેખની લિપિ દેવનાગરી હોવા છતાં ક-ખ-છ જેવા ગુજરાતી અક્ષરો પણ કોઈ કોઈ વાર લખેલા છે. લેખમાં આવતાં કોઈક સંસ્કૃત રૂપોને તે સમયની ગુજરાતી ભાષાની એક પ્રકારની શૈલીરૂપે જ સમજવાં. આવા પ્રયોગો વિક્રમના ૨૦મા શતક સુધી થતા આવ્યા છે એટલું જ નહીં, આજે પણ ગુજરાતમાં ગુજરાતી ભાષામાં લખાતી જૈન ધાર્મિક કંકોત્રીઓમાં 'શ્રીપાર્શ્વજિનં પ્રણમ્ય' જેવા સંસ્કૃત પ્રયોગો લખાય છે. વાચકોને લેખની ચિત્રશૈલી અને લિપિના આકાર-પ્રકારનો ખ્યાલ આવે તે માટે તેની પ્રતિકૃતિ અહીં આપી છે. ૧૦૫ પંક્તિઓમાં લખાયેલા આ વિજ્ઞપ્તિલેખની ભાષા અને જોડણી તે સમયની સર્વસાધારણ વ્યવહારુ શૈલીની છે તેથી એતદ્વિષયક અભ્યાસીઓને ઉપયોગી થાય એ દૃષ્ટિએ મૂળ લેખનો સંપૂર્ણ ઉતારો તેના લેખકની જોડણી મુજબ અક્ષરશઃ અહીં આપું છું[૫૦]—

(पंक्ति–१) : ॥ स्वस्ति श्रीआदेजन प्रणंम्यः स्वस्ति श्रीसांतज(२)नं प्रणंम्य स्वस्ति श्रीनीमजन प्रणांम्य स्वस्ति श्रीपा(३)रस्वजन प्रणंम्य स्वस्ति श्रीवीरजंन प्रणम्य अंनक (४) वाव वंन कूआ तलाव श्रीजन-प्रसादसीव्रसोमी(५)त श्रीपूजिचरणरेणुंप्रागपूते श्रीमती **श्रीनाराएणा**(६)नगरे पूजाराद्धतमोतमां परम-पूज अरचनीआं(७)न् चारित्रपात्रचुडांमणी कूमतांधकारनभोम(८)णी सकलसाधशीरोमणी एकविधश्रीजंना-(९)ज्ञाप्रतीपालक दुविधधरमना परूपक त्रण तत्व(१०)ना जांण चार कषाएना जीपक पंच महाव्रतना (११) पालक छ काएना पीहर सात भयना नीवारक (१२) अष्टमदचुरक नववाडसहित ब्रमचर्यना (१३) धारक दसवीध जतीधरमना परूपक अगीआ(१४)र अंगना जांण बार उपांगना उपदेशक तेर का(१५)-ठीआनीवारक चउदविदागुणजांण पंनरभे(१६)दशीधना परूपक सोलकलासंपूरणससीव(१७)दन सतरभेद-संजमना पालक अढारसहेस(१८)शीलांगरथना धारक श्रीज्ञातासुत्रना ओ(१९)गणीस अधेनना परूपक

---

૫૦ વિજ્ઞપ્તિલેખની વાચનામાં આપેલાં ચિહ્નોની સમજ આ પ્રમાણે છે : ( ) આવા કોષ્ટકના મધ્યમાં લખેલા '૧-૨ આદિ અંકો તે તે સંખ્યાવાળી મૂળલેખની પંક્તિના પ્રારંભસૂચક છે. ( ) આવા જ કોષ્ટકના મધ્યમાં આપેલા અક્ષરો તેના આગળના અશુદ્ધ અક્ષરોના બદલે મેં માનેલા શુદ્ધ અક્ષરો છે. અને [ ] આવા કોષ્ટકમાં આવતો પાઠ મેં ઉમેરેલો છે. અહીં અશુદ્ધના બદલે મૂકેલા શુદ્ધ પાઠની તથા ઉમેરેલા પાઠની ભાષા-જોડણી મૂળલેખકની ભાષા-જોડણીને અનુસરીને મૂકી છે. આ વિજ્ઞપ્તિલેખનો અક્ષરશઃ અનુવાદ આપેલો છે તેથી લેખગત અપભ્રષ્ટ શબ્દોના શુદ્ધ શબ્દો અભ્યાસી વર્ગ સહજ સમજી શકશે તે કારણથી તેવા પ્રત્યેક શબ્દ ઉપર અલગ ટાંચણ નથી આપ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वीश्ववस्वाजीवदेआ(२०)ना पालक एकवीस सबलदोषना टालक (२१) बावीस पूरसोना जीपक श्रीसुगडांगसुत्रना [तेवीस अधेनना] (२२) परूपक चोवीस तीथंकरनी आज्ञाना पालक (२३) पंचवीस भावनाना भावक छवीस दशाक(२४)ल्पना जांण सतावीस अणगारगुंणि करी (२५) वीराजमांन अठावीस आचारना परूपक (२६) ओगणत्रस पापश्रुतना जांण त्रीस मुहनी(२७)स्थांनकना नीवारक एकत्रीस सीधगुणना (२८) जांण बत्रीस जोगसंग्रहना जांण तेत्रीस आ(२९)सातनाना टालक श्रीतीथंगरना चोत्रीस (३०) अतीसहेना जांण पांत्रीस वाणीगुणना प(३१)रूपक छत्रीस छत्रीसे करी वेराजमांन एवुं अ(३२)नेकओपमाजोग श्रीपूज्य जाय-संपूंने ब(३३)लशंपूने कूलसंपुने रूपसंपूने ओअंशी (३४) तीअंसी वंच(वचं)सी जीह(अ)कोही जीअमाणे (३५) जीअलोभे जीअनीद्दे सरस्वतीकंठआ(३६)भर्ण कलीकालगौतमाअवतार अबो(३७)धजीवप्रति-बोधक सकलभटारपुरं(३८)दर भटारकसरोमणी भटारक श्रीश्री(३९)श्रीश्रीश्रीश्रीश्रीश्रीश्रीश्रीश्रीश्रीश्रीश्री-(४०)श्रीश्रीश्रीश्रीश्रीश्रीश्रीविजयप्रभसु(४१)रीस्वर सपरीवारां चरणांन् चरणकम(४२)लांन् [प्रणम्य] **श्रीवडनगरस्थांनात्** लषीत शदा आदे(४३)शकारी चरणशेवक आज्ञाकारी पाए(४४)रजरेणुसमांन सेवक देवी रवजी दमो(४५)दर दो केस्वदास अमरसी गां अचल माड(४६)ण देवी अषइ गांधी ढूढा श्रे कांनजी हरजी (४७) दो देवजी वीरजी दो जेवंत दो वस्ता जस(४८)राज सा अंदरजी श्रे जोगीदास हरीदास (४९) गां माधवजी दो सांतीदास कूअरजी गा सु(५०)दर मोघा सा तीक्रमदास तेजपाल दो वीर(५१)जी लडकण सा रतनीआ माधव देवी धनी(५२)आ वीरमजी देवी माहावजी मदनजी श्रे ओ(५३)धवजी मांडणजी सा कीका गणेश श्रे मांना (५४) हरीदास गाध कलाणजी श्रे सांढीऊ गणेस (५५) गाधी हलुओ देवी लाधा जीवण श्रे अंदूजी (५६) कलांणजी व सा प्रभुजी गा। वलभ दुलभ(५७)-जी श्रे सोमजी मंनोहर श्रे वीरा हरीदास श्रे ला(५८)ला मुकंदास श्रे लाला वाछा श्रे लालजी सा गरी(५९)-बदास देवी नारणजी हाथी सा वाघा श्रे मालीओ मक(६०)दीओ पटू खेमजी पटू केसवजी देवी वीरमु गुरो (६१) गाधी अभेराजी प्रमुख तथा संघसमस्तके(६२)न त्रकालवंदना अवधारजो जी

जत एहां (६३) श्रीपूजजीनी क्रीपांए करी धरमधान सुषि प्र(६४)वरते छ श्रीपूजजीना धरमधानना सु(६५)षसमाधनीराबाधपणाना कागुल समाचा(६६)र लषी सेवकने संतोष करवा(वो) तथा अत्र श्री(६७)-पजु[स]णपरव नीरवघनपणे थिआं छे कालन्ना(६८)वसारू बीजुं तप तथा सांमीवछल लहेण प्र(६९)मुष धरमकरणी वसेषे थेआं छे तथा श्रीपू(७०)जजीनी आगनांए पंनां श्रीप्रीतवजे एहां (७१) चोमासुं आवा तेणे करी संघनु मंन घणु रा(७२)जी राषुं छे तेणे करीने धरमधान वशेषे चा(७३)लो छे श्रीभगवतीसुत्र सझाए श्रीऊतरावे(७४)नसुत्र वषाण वंचाए छे श्रावक टंक २ पडीक(७५)मणे आवे छै बीजू श्रीपूजजीना शीष (७६)जेवा जोइए तेवा छे घणु सारू छे बीजू श्री(७७)पूजजी वीनती अवधारजो जी आवता चुमा(७८)-शानो आदेश पं. श्रीविनेवीमलने तथा (७९)गणी श्रीउदेसोमने आदेस प्रसाद कर(८०)जो जी अवस ए वीनती अवधारजो जी जो (८१)संघनुं मंन ठाम राषो तो पूरवे अत्रनो(ना) सं(८२)घनुं मंन घणुं बगडू हूतू ते पं. श्रीप्रीतवज(जे) (८३)अत्र आवते मंन षम रहूं छे हवे जेनीं वी(८४)नती लषी छे तेने आदेस प्रसाद करसु तो (८५)संघनु मंन घणुं वधसे बु(बी)जू पूजे श्रीवीजे(८६)देवसुर पण **नागरवांणीआ** जांणीने वी(८७)नती अवधारता अने श्रीपूजजीए पण एम (८८)ज वीनती अवधारवी बु(बी)जू **वडनगर**नो सं-(८९)घ सदैव श्रीपूजनो भगत छे परं पाटभगत (९०) छे श्रीपूजिजी **श्रीवडनगरना संघ** ऊपर क्रीपा रा(९१)षो छो तेथी वसेषे अवधारजो **ऊपाधा श्रीमेघ(९२)वीजे गणी** पंडीत श्रीहेमवीजे गणी पंडती-(डीत) श्रीप्री(९३)ते(त)वजे गणी पंडीत श्रीवीमलवीजे गणी पंडीत जी(९४)तवीजे गण(णी) पंडीत श्रीरीधवीजे गणी गणे(णी) वे(वि)वेक(९५)वीजे रूपवीजे प्रमुष श्रीजीना परवारने वंदना (९६)वीनवजो अत्रथी पं श्रीप्रीतवीजे गणी आं(९७)णंदवीजे मुनि रामवीज(जे)नी वंदना अवधार(९८)जो दूहा—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अम हइडू दाडमकली भरीउ तम गुणे[ण]।
(९९) अवगुण एक न संभरे वीसारीजे जेण ॥ १ ॥
जेऊं (१००) सुरही वछो वस(सं)तमासं मी(तु) कोएला समरइ।
वे(१०१)धा सरही गअंदो अमां म(?) मन तम समरीही ॥ २ ॥
(१०२) आडा डूगर अतीघणा वहोलीआ असंष।
(१०३) मंन जांणे आवी मलुं दैव न दीधी पंष ॥ ३ ॥
(१०४) – – सीप समुदमे करतरा (?) आस पीआस।
ज(१०५)ठर(?) समुद्र सव ही तजो स्वातबदुकी आस ॥ ४ ॥

સર્વસાધારણ ગુજરાતી વાચકો પ્રસ્તુત વિજ્ઞપ્તિલેખને સમજી શકે તે હેતુથી તેનો મૂળભાષાની નજીકમાં રહીને થોડા ઉપયોગી પરિવર્તનવાળો અક્ષરશઃ અનુવાદ વર્તમાન ગુજરાતી ભાષામાં આપું છું—

(પંક્તિ–૧) ॥ સ્વસ્તિ શ્રીઆદિજિનં પ્રણમ્ય, સ્વસ્તિ શ્રીશાંતિજિ(૨)નં પ્રણમ્ય, સ્વસ્તિ શ્રીનેમિજિનં પ્રણમ્ય, સ્વસ્તિ શ્રીપા(૩)ર્શ્વજિનં પ્રણમ્ય, સ્વસ્તિ શ્રીવીરજિનં પ્રણમ્ય, અનેક (૪) વાવ-વન-કૂવા-તળાવ-શ્રીજિનપ્રાસાદશિખરશોભિ(૫)ત શ્રીપૂજ્યચરણરેણુના પરાગથી પવિત્ર શ્રીમત્ શ્રીનારાયણા-(૬)નગરે પૂજ્યારાધ્યતમોત્તમ પરમપૂજ્ય અર્ચનીય (૭) ચારિત્રપાત્રચૂડામણિ કુમતાંધકારનભોમ(૮)ણિ સકલસાધુશિરોમણિ, એકવિધ શ્રીજિના(૯)જ્ઞાપ્રતિપાલક, દ્વિવિધ ધરમના પ્રરૂપક, ત્રણ તત્ત્વ(૧૦)ના જાણ, ચાર કષાયના જીપક, પંચ મહાવ્રતના (૧૧) પાલક, છ કાયના પીયર, સાત ભયના નિવારક, (૧૨) અષ્ટમદચૂરક, નવવાડસહિત બ્રહ્મચર્યના (૧૩) ધારક, દશવિધ યતિધર્મના પ્રરૂપક, અગિયા(૧૪)ર અંગના જાણ, બાર ઉપાંગના ઉપદેશક, તેરકા(૧૫)ઠિયાનિવારક, ચૌદવિદ્યાગુણજાણ, પંદરભે(૧૬)દ સિદ્ધના પ્રરૂપક, સોલકલાસંપૂર્ણશશિવ(૧૭)દન, સત્તરભેદસંયમના પાલક, અઢારસહસ્ર(૧૮)શીલાંગરથના ધારક, શ્રીજ્ઞાતાસૂત્રના ઓ(૧૯)ગણીસ અધ્યયનના પ્રરૂપક, વીસવસા જીવદયા(૨૦)ના પાલક, એકવીસ સબલદોષના ટાલક, (૨૧) બાવીસ પરિસહના જીપક, શ્રીસૂત્રકૃતાંગસૂત્રના [તેવીસ અધ્યયનના] (૨૨) પ્રરૂપક, ચોવીસ તીર્થંકરની આજ્ઞાના પાલક, (૨૩) પચીસ ભાવનાના ભાવક, છવ્વીસ દશાક(૨૪)-લ્પના જાણ, સત્તાવીસ અનગારગુણે કરી (૨૫) વિરાજમાન, અઠ્ઠાવીસ આચારના પ્રરૂપક, (૨૬) ઓગણત્રીસ પાપશ્રુતના જાણ, ત્રીસ મોહનીય(૨૭)સ્થાનકના નિવારક, એકત્રીસ સિદ્ધગુણના (૨૮) જાણ, બત્રીસ યોગસંગ્રહના જાણ, તેત્રીસ આ(૨૯)સાતનાના ટાલક, શ્રીતીર્થંકરના ચોત્રીસ (૩૦) અતિશયના જાણ, પાંત્રીસ વાણીગુણના પ્ર(૩૧)રૂપક, છત્રીસ છત્રીસે કરી વિરાજમાન, એવી અ(૩૨)-નેક ઉપમાયોગ્ય શ્રીપૂજ્ય જાતિસંપન્ન બ(૩૩)લસંપન્ન કુલસંપન્ન રૂપસંપન્ન ઓજસ્વી (૩૪) તેજસ્વી વચસ્વી જિતક્રોધ જિતમાન (૩૫) જિતલોભ જિતનિદ્ર સરસ્વતીકંઠઆ(૩૬)ભરણ કલિકાલગૌતમાવતાર અબો(૩૭)ધજીવપ્રતિબોધક સકલભટ્ટારકપુરં(૩૮)દર ભટ્ટારકશિરોમણિ ભટ્ટારકશ્રીશ્રી(૩૯)શ્રીશ્રીશ્રીશ્રીશ્રી શ્રીશ્રીશ્રીશ્રીશ્રીશ્રી(૪૦)શ્રીશ્રીશ્રીશ્રીશ્રીશ્રી**વિજયપ્રભસૂ**(૪૧)**રીશ્વર** સપરિવાર[ના] ચરણકમ(૪૨)-લાન્ [પ્રણમ્ય] **શ્રીવડનગર**સ્થાનાત્ લિખિતંગ સદા આદે(૪૩)શકારી ચરણસેવક આજ્ઞાકારી પાય-(૪૪)રજરેણુસમાન સેવક દેવી રવજી દમો(૪૫)દર, દો૦ કેશવદાસ અમરસી, ગાં૦ અચલ માંડ(૪૬)ણ, દેવી અખય, ગાંધી દૂદા, શ્રેષ્ઠી કાનજી હરજી, (૪૭) દો૦ દેવજી વીરજી, દો૦ જેવંત, દો૦ વસ્તા જસ-(૪૮)રાજ, સા૦ અંદરજી, શ્રે૦ જોગીદાસ હરિદાસ, (૪૯) ગાં૦ માધવજી, દો૦ શાંતિદાસ કુંઅરજી, ગાં૦ સું(૫૦)દર મોધા, સા૦ ત્રીકમદાસ તેજપાલ, દો૦ વીર(૫૧)જી લડકણ, સા૦ રતનીઆ માધવ, દેવી ધની-(૫૨)આ વીરમજી, દેવી માહાવજી મદનજી, શ્રે૦ ઓ(૫૩)ધવજી માંડણજી, સા૦ ફીકા ગણેશ, શ્રે૦ માના (૫૪) હરિદાસ, ગાંધી કલ્યાણજી, શ્રે૦ સાંઢીઓ ગણેશ, (૫૫) ગાંધી હલુઓ, દેવી લાધા જીવણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રે૦ અંદૂજી (૫૬) કલ્યાણજી, સા૦ પ્રભુજી, ગાં૦ વલ્લભ દુલ્લભ(૫૭)જી, શ્રે૦ સોમજી મનોહર, શ્રે૦ વીરા હરિદાસ, શ્રે૦ લા(૫૮)લા મુકુંદદાસ, શ્રે૦ લાલા વાછા, શ્રે૦ લાલજી, સા૦ ગરી(૫૯)બદાસ, દેવી નારણજી હાથી, સા૦ વાઘા, શ્રે૦ માલીઓ મક(૬૦)દીઓ, પટૂ૦ પ્રેમજી, પટૂ૦ કેશવજી, દેવી વીરમુગુરો (૬૧) ગાંધી અભયરાજજી પ્રમુખ તથા સંઘસમસ્તક(૬૨)ની ત્રિકાલ વંદના અવધારજો જી.

જત અહીં (૬૩) શ્રીપૂજ્યજીની કૃપાએ કરી ધર્મધ્યાન સુખે પ્ર(૬૪)વર્તે છે. શ્રીપૂજ્યજીના ધર્મધ્યાનના સુ(૬૫)ખસમાધિ-નિરાબાધપણાના કાગળ સમાચા(૬૬)ર લખી સેવકને સંતોષ કરવો. તથા અત્ર શ્રી(૬૭)પર્યુષણપર્વ નિર્વિઘ્નપણે થયાં છે કાલાનુ(૬૮)સાર. બીજું તપ તથા સ્વામિવાત્સલ્ય લહેણી પ્ર(૬૯)મુખ ધર્મકરણી વિશેષે થયાં છે. તથા શ્રીપૂ(૭૦)જ્યજીની આજ્ઞાએ પન્યાસ શ્રી પ્રીતિવિજય અહીં (૭૧) ચોમાસું આવ્યા તેણે કરી **સંઘનું** મન ઘણું રા(૭૨)જી રાખ્યું છે, તેણે કરીને ધર્મધ્યાન વિશેષે ચા(૭૩)લ્યો છે. શ્રીભગવતીસૂત્ર, સજ્ઝાયમાં શ્રીઉત્તરાધ્યય(૭૪)ન સૂત્ર વખાણ વંચાય છે. શ્રાવક ટંક-૨ પ્રતિક્ર(૭૫)મણે આવે છે. બીજું શ્રીપૂજ્યજીના શિષ્ય (૭૬) જેવા જોઈએ તેવા છે, [તે] ઘણું સારૂં છે. બીજું શ્રી(૭૭)પૂજ્યજી વીનતિ અવધારજોજી—આવતા ચોમા(૭૮)સાનો આદેશ પં. શ્રીવિનયવિમલને તથા (૭૯) ગણી શ્રીઉદયસોમને આદેશ પ્રસાદ કર(૮૦)જો જી. અવશ્ય એ વીનતિ અવધારજો જી. જો (૮૧) **સંઘનું** મન ઠામ રાખો તો પૂર્વે અત્રના **સં(૮૨)ઘનું** મન ઘણું બગડ્યું હતું તે પં. શ્રીપ્રીતિવિજય (૮૩) અત્ર આવતાં મન ક્ષેમ રહ્યું છે. હવે જેની વી(૮૪)નતિ લખી છે તેને આદેશ પ્રસાદ કરશો તો (૮૫) **સંઘનું** મન ઘણું વધશે. બીજું પૂજ્ય શ્રીવિજય(૮૬)દેવસૂરિ પણ **નાગરવાણિયા** જાણીને વી(૮૭)નતિ અવધારતા, અને શ્રીપૂજ્યજીએ પણ એમ (૮૮)જ વીનતિ અવધારવી. બીજું **વડનગરનો સં(૮૯)ઘ** સદૈવ શ્રીપૂજ્યનો ભક્ત છે, પરમ પાટભક્ત (૯૦)છે. શ્રીપૂજ્યજી **વડનગરના સંઘ** ઉપર કૃપા રા(૯૧)ખો છો તેથી વિશેષે અવધારજો. ઉપાધ્યાય **શ્રીમેઘ(૯૨)વિજય ગણી,** પંડિત શ્રીપ્રી(૯૩)તિવિજય ગણી, પંડિત શ્રીવિમલવિજય ગણી, પંડિત જી(૯૪)તવિજય ગણી, પંડિત શ્રીઋદ્ધિવિજય ગણી, ગણી વિવેક(૯૫)વિજય રૂપવીજય પ્રમુખ શ્રીજીના પરિવારને વંદના (૯૬) વીનવજો. અત્રથી પં. પ્રીતિવિજય, ગણી આ(૯૭)નંદવિજય, મુનિ રામવિજયની વંદના અવધાર(૯૮)જો

દૂહા—

અમ હૈડું દાડમકલી, ભરિયું તુમ ગુણેણ ।
(૯૯) અવગુણ એક ન સાંભરે, વીસારીજે જેણ ॥ ૧ ॥
જેમ (૧૦૦) સુરભીને વછો, વસંતમાસને કોયલ સમરે ।
વિં(૧૦૧)ધ્યને સ્મરે ગજેન્દ્ર, અમ મન તેમ સમરે ॥ ૨ ॥
(૧૦૨) આડા ડુંગર અતિઘણા, વહોળીયાં અસંખ ।
(૧૦૩) મન જાણે આવી મળું, દૈવ ન દીધી પંખ ॥ ૩ ॥
(૧૦૪) — — છીપ સમુદ્રમેં, કરતી આસ પિઆસ ।
જ(૧૦૫)ઠર સમુદ્ર સબ હી તજ્યો, સ્વાતિબિંદુકી આસ ॥ ૪ ॥

પ્રસ્તુત વિજ્ઞપ્તિલેખની કુલ ૧૦૫ પંક્તિઓમાં ૧થી ૬૧ સુધીની પંક્તિઓમાં મંગલરૂપ પંચજિન-નમસ્કાર, સ્થળનો અને આચાર્યશ્રીનો નામોલ્લેખ, આચાર્યશ્રીનાં વિશેષણો અને વિજ્ઞપ્તિપત્ર લખનાર ગૃહસ્થોની નામાવલી આવે છે તથા ૯૮મી પંક્તિથી ૧૦૫મી પંક્તિઓમાં ગુરુપ્રત્યેના અનુરાગસૂચક સુભાષિત દોહા છે. શેષ ૩૬ ( ૬૨થી ૯૭ ) પંક્તિઓમાં જે લેખ્ય વસ્તુ છે તેમાં નીચે પ્રમાણેની મુખ્ય ચાર હકીકતો છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આચાર્યશ્રીના આદેશથી વિગત ચાતુર્માસ કરવા આવેલા મુનિઓની પ્રશંસા અને તેમના આવવાથી શ્રીસંઘને ધર્મકરણી, વ્યાખ્યાનશ્રવણ વગેરેમાં રહેલી ખૂબ જ અનુકૂળતા.

૨. આગામી ચાતુર્માસમાં એ મુનિઓને મોકલવા માટે તેમનો નામોલ્લેખ કરીને સવિનય વિનંતિ કરી છે.

૩. પહેલાં શ્રીસંઘની ઇચ્છા ન સચવાયાના કારણે શ્રીસંઘનું ગુરુવર્ગ પ્રત્યે ઊંચું મન થયેલું તેની યાદ આપીને અને આચાર્ય શ્રીવિજયદેવસૂરિ[૫૧] પણ શ્રીસંઘની ઇચ્છા સાચવતા તેની પણ યાદ આપીને જેમનાં નામ જણાવ્યાં છે તે મુનિઓને આગામી ચાતુર્માસમાં મોકલવા માટેની બહુમાનભરી સવિનય વિનંતિ.

૪ પ્રસિદ્ધ વિદ્વાન્ ઉપાધ્યાયજી શ્રીમેઘવિજયજી ગણીનો નામોલ્લેખ હોવાથી તે સમયે તેઓ આ૦ શ્રીવિજયપ્રભસૂરિજીની સાથે હતા તે જાણી શકાય છે.

શિલાલેખ તથા મૂર્તિલેખોમાંથી તારવીને જૈનધર્માનુયાયી નાગરવણિકજ્ઞાતિની અટકો મેં પહેલાં લખી છે, જેનો સમય આ વિજ્ઞપ્તિલેખથી પહેલાંનો છે, તેના આધારે કહી શકાય કે પ્રસ્તુત વિજ્ઞપ્તિલેખમાં આવતી ગાંધી, દોસી, સંઘવી, શાહ, સા વગેરે અટકો નાગરવણિકજ્ઞાતિની જ છે. વિજ્ઞપ્તિલેખમાં આવતી 'દેવી' અટક વડનગરના નાગરવણિકોની છે. શ્રેષ્ઠી, ગાંધી, દોસી અને દેવી અટકોવાળા નાગરવણિકો આજે પણ વડનગરમાં છે. આથી કહી શકાય કે વિજ્ઞપ્તિલેખમાં જે નામો છે તે નાગરવણિકોનાં જ છે. આ હકીકત લેખની ૮૫–૮૬–૮૭મી પંક્તિમાં આવતા "શ્રીવજે(૮૬)દેવસૂર પણ **નાગરવાણીઆ** જાણીને વી(૮૭)નતી અવધારતા" આ પાઠથી પણ નિશ્ચિત થાય છે. લેખમાં આવતા નાગરવણિકોના સમુદાયના આધારે તથા લેખની ૮૧–૮૨ અને ૮૫મી પંક્તિમાં આવતા 'સંઘ'શબ્દના આધારે વડનગરમાં જૈન નાગરવણિકોનો શ્રીસંઘ હતો એ વસ્તુ સ્પષ્ટ થાય છે.


વિક્રમના ૧૮મા શતકમાં વડનગરમાં ઓસવાલ, શ્રીમાલી આદિ જ્ઞાતિઓના વણિકો નહીં હોય તેમ માનવાને કોઈ કારણ નથી. છતાં નાગરવણિકો અને અન્ય વણિકોના ધાર્મિકપ્રસંગોની ઉજવણી કાં તો જુદી થતી હશે અથવા તો એકરૂપે થતી હશે તોપણ તેમાં નાગરવણિકોનું વિશિષ્ટ પ્રાધાન્ય હશે એટલું તો વિજ્ઞપ્તિલેખમાં આવેલી નાગરવણિકોની નામાવલીના આધારે કલ્પી શકાય.

*

આ લેખ જેના આધારે લખાયો છે, તે વિજ્ઞપ્તિપત્ર તથા સચિત્ર કલ્પસૂત્રની પોથીનો ઉપયોગ કરવાની અનુમતિ આપવા બદલ હું અમદાવાદના શ્રી. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના મુખ્ય નિયામક પં. શ્રી દલસુખભાઈ માલવણિયાનો આભારી છું.

૫૧ આ. શ્રીવિજયદેવસૂરિજી તે આ. શ્રીવિજયપ્રભસૂરિજીના ગુરુ હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



વિક્રમના ૧૮મા શતકના પૂર્વાર્ધમાં વડનગરના જૈન નાગર શ્રીસંઘે તપાગચ્છીય આચાર્ય શ્રીવિજયપ્રભસૂરિજી ઉપર લખેલ વિજ્ઞપ્તિપત્રના લેખ વિભાગની ૪૦થી ૯૭ સુધીની પંક્તિઓ. ૮૬-૯૦ સુધીની પંક્તિઓમાં નાગરવાણિયા અને વડનગરનો નિર્દેશ જોઈ શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે પ્રારંભમાં જેનો નિર્દેશ કર્યો છે તે નાગરશ્રેષ્ઠીએ લખાવેલા સચિત્ર કલ્પસૂત્રની હસ્તપ્રતનો પરિચય આપું છું :

પ્રસ્તુત કલ્પસૂત્રની પ્રતિ પણ 'શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર–અમદાવાદ'ના 'શ્રી લા૦ દ૦ ગ્રંથસંગ્રહ'માં સુરક્ષિત છે. તેનો ક્રમાંક ૪૫૬૧ છે. પ્રતિની લંબાઈ–પહોળાઈ ૧૦ × ૪$\frac{3}{4}$ ઇંચ પ્રમાણ છે, હાલત સારી છે. તેમાં વિક્રમના ૧૬મા શતકમાં લખાયેલાં સોનેરી રંગ-યુક્તચિત્રવાળાં કલ્પસૂત્રોની શૈલીનાં ૩૯ સુરેખ ચિત્રો છે. પ્રતિની પત્રસંખ્યા ૧૩૦ છે. ૧૩૦મા પત્રની પ્રથમ પૃષ્ઠિમાં કલ્પસૂત્રનો પાઠ પૂર્ણ થાય છે. ત્યાર પછી પુસ્તક લખાવનારની પ્રશસ્તિ અને પુષ્પિકા છે. પ્રસ્તુત પ્રતિ વિક્રમના ૧૮મા શતકમાં થયેલા પં૦ શ્રી કલ્યાણસુંદરજીની પાસે હશે તે તેમણે વિ૦ સં૦ ૧૭૮૯માં (એટલે કે પ્રતિ લખાયા પછી ૨૪૨ વર્ષ પછી) વાચનાચાર્ય શ્રી નૈણસીજીને આપેલી તેની નોંધ પણ પ્રતિ લખાવનારની અંતિમ પુષ્પિકાની પછી લખેલી છે. ઉક્ત પ્રશસ્તિ વગેરેનો પાઠ જે પત્રમાં છે તેની બે બાજુની પ્રતિકૃતિ અહીં આપી છે. પ્રસ્તુત પ્રશસ્તિ વગેરેની વાચના આ પ્રમાણે છે :

धणकण-कंचणनिकरं आदिजिणेसरविहारविमलयरं ।
गढ-मढ-मंदिरपवरं वडनयरं जयउ **वडनयरं** ॥ १ ॥
**नागर**नरसिरिहीरो **धणसी** जिणधम्मवासियसरीरो ।
**भावलदेवी** भज्जा विणय-विवेकाइगुणसज्जा ॥ २ ॥
सुत—**देव हेमराजो गडसी कन्हडकुमार** कुलतिलओ ।
**कडुआ**भिध **झाला**भि[ध] संघवई सयलगुणनिलओ ॥ ३ ॥
**सिरिमुणिसुंदरसूरी** दूरीकयपावपंकओ जेहिं ।
तस्स **पय**ठ्ठवणकए महूसवो कारिओ तेहिं ॥ ४ ॥
सिरि**देवराज**घरणी **हीरू** निअलोअणेण जिअहरिणी ।
सुअ—**देसल-जेसिंगा** जिणधम्मे जस्स नवरंगा ॥ ५ ॥
**देसल**घरि **देवसिरी** सुत **आंबा** तस्स घरणि देल्हाई ।
**नगराज कुंअरपालो रत्नाभिध** पुत्तरयणवई ॥ ६ ॥
पनरससततालीसे फग्गुणमासस्स सुद्धदसमी[ए] ।
**सिरिलच्छिसायरसीसस्स** लिहाविओ कप्प--म्मो ॥ ७ ॥

सं० त(?) १५४७ वर्षे ज्येष्ट सुदि १ रविवारे लिखितं मंत्रि वाछाकेन ॥ श्रीपतनिं वास्तव्य ॥ छ ॥ श्री शुभं भवतु ॥ छ ॥ कल्याणमस्तु ॥ छ ॥ श्रीः ।

બીજા અક્ષરોમાં—

वाचनाचार्य श्री नैणसीजीकानां प्रतिरियं पं. कल्याणसुंदरेण प्रदत्ता सहर्षम् ॥ सं० १७८९ रा भाद्रवा वदि ७ दिने ॥

અનુવાદ—"ધાન્ય અને સુવર્ણના સમૂહવાળું = ધાન્ય-ધનથી સમૃદ્ધ, આદિજિનેશ્વરના પ્રાસાદથી અતિપવિત્ર અને જેમાં શ્રેષ્ઠ કિલ્લો મઠો તથા મંદિરો છે તેવું મહાનગર **વડનગર** જય પામો.[1]

[આ નગરમાં] નાગરનરોની શોભામાં હીરા સમાન, દેહ પણ જેનો જૈનધર્મથી વાસિત છે = જેની આકૃતિ પણ જૈનત્વની ખાતરી આપે છે તેવો **ધનસી** = ધનશ્રી નામનો [શ્રેષ્ઠી] હતો, અને તેને વિનય-વિવેકાદિગુણયુક્ત **ભાવલદેવી** નામની ભાર્યા હતી.[2]

[તેઓને] **દેવરાજ હેમરાજ ગડસી** = ઘટસિંહ **કન્હડકુમાર કડુઆ** અને **ઝાલો** નામના કુળમાં તિલકસમાન પુત્રો હતા.[3]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમણે = દેવરાજ વગેરેએ પાપકર્મથી વર્જિત એવા **શ્રીમુનિસુંદરસૂરિની** આચાર્યપદવીના પ્રસંગે મહોત્સવ કરાવ્યો હતો.[૪]

**શ્રીદેવરાજને** આંખોના સૌન્દર્યથી હરિણીને પણ જીતી જાય તેવી **હીરૂ** નામની પત્ની હતી. અને તેમને જૈનધર્મમાં નવા રંગવાળા **દેસલ** અને **જેસિંગ** નામના બે પુત્રો છે.[૫]

**દેસલને દેવશ્રી** નામની પત્ની અને **આંબા** નામનો પુત્ર છે. [ અને ] આંબાને **નગરાજ-કુંઅરપાલ-રત્નો** એ નામના [ ત્રણ ] પુત્રરત્નવાળી **દેલ્હાઈ** નામની ભાર્યા છે.[૬]

[સંવત] ૧૫૪૭ના ફાગણ માસની અજવાળી દશમના દિવસે **[આંબાએ]** શ્રીલક્ષ્મીસાગરના શિષ્ય માટે આ કલ્પસૂત્ર લખાવ્યું.[૭]

સંવત ૧૫૪૭ વર્ષે જેઠ સુદ ૧ ને રવિવારે પાટણના વતની મંત્રી **વાછાકે** = વાછાક દ્વારા લખાવ્યું. શુભ થાઓ. કલ્યાણ થાઓ.

(બીજા અક્ષરોમાં—)

પં૦ કલ્યાણસુંદરે વાચનાચાર્ય શ્રીનૈણસીને આ પ્રતિ સહર્ષ આપી છે. સં૦ ૧૭૮૯ના ભાદરવા વદ ૭ના દિવસે.''

આ પ્રશસ્તિની રચના સંવત ૧૫૪૭ના ફાગણ સુદ ૧૦ના દિવસે થયેલી અને તે જ વર્ષના જેઠ સુદ ૧ ને રવિવારના દિવસે તેને ગ્રંથમાં લખી છે. તેથી સંભવ છે કે તે બહારગામ રહેલા કોઈ મુનિમહારાજે રચીને મોકલાવી હોય અને તેથી સમયનું અંતર થયું હોય.

શબ્દશાસ્ત્રાદિની દૃષ્ટિએ ઊણપ હોવાને કારણે વક્તવ્યનો ભાવ સૂચવતી સરલ-સાદી પ્રાકૃત ભાષામાં પ્રસ્તુત પ્રશસ્તિ રચાયેલી હોવાના કારણે અતિસ્પષ્ટતા ન હોવા છતાં પ્રતિ લખાવનાર **આંબા** શ્રેષ્ઠી છે તે નિશ્ચિત છે. લભ્ય સંખ્યાબંધ પ્રશસ્તિઓમાં આવા પ્રકારની ભાષાશૈલીવાળી પ્રશસ્તિઓ પણ છે. અનેક પ્રશસ્તિઓમાં લિખિત શબ્દ લખાવ્યાના અર્થમાં ઉપયુક્ત થયેલો જોવામાં આવે છે. તદનુસાર પ્રસ્તુત કલ્પસૂત્રને **આંબા** શેઠે પાટણના વતની મંત્રી વાછાક દ્વારા લખાવ્યું છે તેમ સમજવું જોઈએ. પુસ્તકલેખનાદિ માટે પ્રાચીન કાળથી **પાટણ** (અણહિલપુર) કેન્દ્ર રહેલું છે. પાટણમાં તથાપ્રકારના કલાકારોનો અને તેમની કલાને સમજનાર અનુભવીઓનો કાયમી વસવાટ હશે. આ એક સંગત હકીકત છે.

પ્રશસ્તિની ચોથી ગાથામાં આ૦ **શ્રીમુનિસુંદરસૂરિનું** તથા ત્રીજી અને પાંચમી ગાથામાં **દેવરાજ** શેઠનું નામ આવે છે તેમ જ ચોથી ગાથામાં આચાર્યપદમહોત્સવનો ઉલ્લેખ આવે છે. આ સંબંધમાં કેટલીક વિશેષ માહિતી અહીં આપું છું :

પ્રસ્તુત કલ્પસૂત્ર લખાવનાર **આંબા** શેઠના દાદા **દેવરાજ** શેઠના ખર્ચથી થયેલો આ૦ **શ્રીમુનિ-સુંદરસૂરિનો** આચાર્યપદમહોત્સવ અને મહોત્સવની સમાપ્તિ પછી **દેવરાજ** શેઠે શત્રુંજયગિરનારનો યાત્રાસંઘ કાઢ્યો હતો આ બે પ્રસંગોને પં૦ **શ્રી પ્રતિષ્ઠાસોમગણિ**(આ૦ શ્રીમુનિસુંદરસૂરિના ગુરુભાઈ)એ વિ૦ સં૦ ૧૫૨૪માં રચેલા સોમસૌભાગ્ય કાવ્યના છઠ્ઠા સર્ગમાં મુખ્યતયા વર્ણવ્યા છે. તેમાં વડનગર, સમેલાતળાવ, નર-નારી, આચાર્યપદમહોત્સવ અને યાત્રાસંઘનું સવિસ્તર વર્ણન છે. યાત્રાસંઘમાં ૫૦૦ શકટ = ગાડાં હતાં તે હકીકત પણ નોંધી છે.

ઉક્ત આચાર્યપદમહોત્સવ પ્રસંગે વિ૦ સં૦ ૧૪૭૮માં દેવરાજ શેઠે બત્રીસ હજાર સોનૈયા ખર્ચ્યા હતા, આ હકીકત પટ્ટાવલીઓમાં મળે છે.[૫૨]

---

૫૨ શ્રીધર્મસાગરગણિવિરચિત પટ્ટાવલીમાં ૩૨૦૦૦ ટંક જણાવ્યા છે, જુઓ મુનિરાજશ્રી દર્શનવિજયજી ( ત્રિપુટી ) સંપાદિત 'પટ્ટાવલીસમુચ્ચય ભા૦ ૧' પૃ૦ ૬૩. 'ટંક' એ સુવર્ણ નાણું હતું તે હકીકત પં૦ શ્રીરવિવર્ધનકૃત 'પટ્ટાવલીસારોદ્ધાર'માં મળે છે. જુઓ 'પટ્ટાવલીસમુચ્ચય ભા૦ ૧' પૃ૦ ૧૫૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત પ્રશસ્તિની ત્રીજી ગાથામાં જે દેવરાજ પ્રમુખ છ નામ આવે છે તેમાંના આદ્ય દેવરાજ હેમરાજ અને ગડરી = ઘટસિંહ આ ત્રણ ભાઈઓનો ઉલ્લેખ સોમસૌભાગ્યકાવ્યના છઠ્ઠા સર્ગના ૨૦–૨૧ પદ્યોમાં છે. તેથી કુળ છ ભાઈઓ હશે પણ આચાર્યપદમહોત્સવના સમયમાં શેષ કન્હડકુમાર આદિ ત્રણ ભાઈઓ વિદ્યમાન ન હતા તે સમજી શકાય છે. પ્રશસ્તિઓમાં તે તે કુટુંબની જાતમાત્ર વ્યક્તિઓનો નામોલ્લેખ કરવામાં આવે છે. એટલે બન્ને ઉલ્લેખો અસંગત નથી.

*

અહીં જણાવેલી હકીકતોના આધારે તારવી શકાય કે વિક્રમના બારમા શતક પહેલાં પણ નાગરવણિકોનો મોટો વર્ગ જૈનધર્માનુયાયી હતો. અને ત્યાર પછી પણ સોળમા શતક સુધી તે જૈનપરંપરાનુયાયી રહેલો. વિક્રમના સોળમા-સત્તરમા શતકથી તેમાં પરિવર્તનો થવાનો પ્રારંભ થયો હશે છતાં વિક્રમના અઢારમા શતકમાં વડનગરમાં મોટા સમૂહરૂપે નાગરવણિકો જૈન હતા તેથી અન્યાન્ય સ્થળોમાં તથાપ્રકારના વર્ગનું અસ્તિત્વ માનવામાં બાધા આવે તેવું ન માની શકાય. અસ્તુ. વિક્રમના ઓગણીસમા અને વીસમા શતકની વડનગરના નાગરવણિકોને સંબંધિત થોડી હકીકતો મળી છે તે જણાવીને આ લેખ પૂર્ણ કરીશ.

આજે વડનગરમાં 'અટાળાનું દેરાસર' એ નામે ઓળખાતું જૈન મંદિર નાગરોનું હતું. અને તે શ્રી કુંથુનાથસ્વામીના મંદિર તરીકે ઓળખાતું હતું.[૫૩] આ મંદિરની જમણી બાજુ અડીને તેટલા જ પ્રમાણનું બીજું મંદિર છે, તેમાં મૂળનાયક શ્રી ઋષભદેવજી છે. તથા શ્રી કુંથુનાથસ્વામીના મંદિરના સામે પણ એક મંદિર છે તેમાં મૂળનાયક તરીકે શ્રી ઋષભદેવજીની લેપ કરેલી પ્રતિમા છે. આ ત્રણે મંદિરો ઘરમંદિર રૂપે છે. એક રીતે ત્રણ ગભારા કહી શકાય. વચમાં નાના ચોકવાળા એક મકાનના બે વિભાગોમાં આ ત્રણ મંદિરો છે એમ કહી શકાય, એક બાજુ બે અને સામેની બાજુ એક. એટલું માનવાને કારણ મળે છે કે, પહેલાં માત્ર શ્રી કુંથુનાથસ્વામીનું મંદિર હશે, અથવા તો આ ત્રણે મંદિરો શ્રી કુંથુનાથસ્વામીના મંદિરના નામે ઓળખાતાં હશે. શ્રી કુંથુનાથસ્વામીના મંદિરની જમણી બાજુ આવેલા શ્રી ઋષભદેવજીના મંદિરની બિલકુલ સામે મંદિરનો મૂળ પ્રવેશ માર્ગ છે; જેનો ઉપયોગ આજે થતો નથી. આ મંદિરોને અડીને શ્રી કુંથુનાથજીના મંદિરની ડાબી બાજુ એક જુદું મકાન છે તેમાંથી આજે પ્રવેશ થાય છે. આ મકાનને દેવી તેજકરણ વખતરામે (નાગરવણિક) વિ૦ સં૦ ૧૮૯૭માં ધર્મશાલારૂપે બાંધેલું અને કદાચ પોતાની માલિકીરૂપે રાખ્યું હશે. ત્યાર પછી મેના નામની દીકરીના જન્મ પછી વિ૦ સં૦ ૧૯૦૧માં આ ધર્મશાલાને સાધારણ ખાતે આપેલી. આ હકીકત દર્શાવતો નાનો શિલાલેખ આજે પ્રસ્તુત મકાનની ભીંતમાં છે. તેનો અક્ષરશઃ પાઠ આ પ્રમાણે છે—

(पंक्ति १) श्रीवडनगरमधे श्रीकुंथु(पं. २)नाथजीनुं देरु छे ते पासे घरम(पं. ३)साला देवी तेजकरण वखत(पं. ४)रांमे बंधावी छे संवत १८९७(पं. ५)ना वर्षे महा सुदि ५ दिने (पं. ६) वार बुध [।] श्रीसाधारणषा(पं. ७)ते संवत १९०१ना वैसाष सुद २ दि(पं. ८)ने बाइ मेना छोडी आव्यां तारे ॥

આ ઉપરાંત વડનગરમાં આવેલા શ્રી મહાવીરસ્વામીજીના બાવન જિનાલયનો વિક્રમના ૧૯મા શતકના મધ્યભાગમાં જીર્ણોદ્ધાર થયેલો તેની દેવકુલિકાઓ પૈકી કેટલીક દેવકુલિકાઓ 'દેવી' અટકવાળા નાગરવણિકોએ કરાવ્યાના ઉલ્લેખો તે તે દેવકુલિકા ઉપર છે.

ઉપરની હકીકતથી એટલું તો ચોક્કસ છે કે વિક્રમના વીસમા શતકના પ્રારંભ સુધી તો વડનગરના નાગરવણિકોમાં જૈનપરંપરાનુયાયી વર્ગ પણ હતો.

---

૫૩ જૈનતીર્થસર્વસંગ્રહના પહેલા ભાગમાં કોઠા નં. ૧૦૭૦માં દર્શાવેલું શ્રી આદિનાથજીનું મંદિર છે તે અહીં જણાવેલાં ત્રણ મંદિરોમાંનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિ૰ સં૰ ૧૯૩૦–૪૦ સુધીના સમયમાં વડનગરના અનેક જૈન નાગરકુટુંબોમાંથી ફક્ત દેવી કુટુંબનાં ૨૦થી ૩૦ ઘર જૈનધર્માનુયાયી હતાં. આ નાગરો ચુસ્ત જૈન હતા, અને તેમને જૈનધર્મ છોડવો પણ ન હતો; પણ જ્યારે જ્ઞાતિવ્યવહારમાં જૈન હોવાને કારણે કન્યા લેવડ-દેવડનો અવરોધ થયો ત્યારે આ નાગરવણિકો મૂંઝાયા અને તેઓએ અમદાવાદ આવીને શ્રી આત્મારામજી મહારાજ, શ્રી રવિસાગરજી મહારાજ તથા શ્રી મોહનલાલજી મહારાજ વગેરેને વિનંતિ કરી કે, અમારી મૂંઝવણ ટાળવા માટે અમોને અન્ય જૈન વણિક કોમમાં દાખલ કરાવો. પણ તે સમયે અમદાવાદની જૈન વણિકજ્ઞાતિએ તે વાત માની નહીં અને તેઓ નાઇલાજે વૈષ્ણવ થયા. આ હકીકત યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ તેમણે વિ૰ સં૰ ૧૯૭૩માં સંપાદિત કરેલા 'જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ'ના પહેલા ભાગની પ્રસ્તાવનામાં લખી છે.

આ સંબંધમાં મુનિરાજ શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) આ પ્રમાણે જણાવે છે: "નાગર જૈનોએ અમદાવાદની સમગ્ર જ્ઞાતિ વચ્ચે આજીજી કરી કે અમે જૈન છીએ, અમને જ્ઞાતિમાં મેળવીને બચાવી લો. તપાગચ્છાધિરાજ પૂ૰ મૂલચંદજી ગણિવર, સાગરગચ્છના શ્રીપૂજ ભ૰ શાંતિસાગર, શેઠ પ્રેમાભાઈ વગેરે તેઓને મેળવી લેવા સમ્મત હતા. પણ અમદાવાદના જ્ઞાતિના ઠેકેદારો ધર્મપ્રેમી હોવા છતાં તેઓએ જ્ઞાતિપ્રેમને વધુ વજન આપ્યું. એનું પરિણામ એ આવ્યું કે નાગરોએ વિક્રમની વીશમી સદીના મધ્યકાળમાં જૈનધર્મ છોડ્યો અને સૌ વૈષ્ણવ બની ગયા." (જૈન પરંપરાનો ઇતિહાસ, ભા૰ ૨, પૃ૰ ૭૧૨)

આ બે નોંધોની તુલનામાં પૂ૰ શ્રીમદ્ બુદ્ધિસાગરજીની નોંધ પ્રસંગના નજીકના સમયની કહેવાય. પૂ૰ મુ૰ શ્રી દર્શનવિજયજીની હકીકતમાં નામપરિવર્તન નિરાધાર થયું હશે તેમ તો હું ચોક્કસ ન કહી શકું, પણ મારા સંશોધનકાર્યને અંગે મેં બે વાર જૈનપરંપરાનો ઇતિહાસ જોયેલો ત્યારે મારે જે જોવું હતું તે સંબંધમાં તેમાં ભ્રામક વિધાનો જોયેલાં તેથી જણાવી શકું કે, જો અન્ય પ્રામાણિક આધાર ન જ હોય તો આ સંબંધમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીની હકીકત ઉચિત મનાવી જોઈએ. અસ્તુ.

ઉપરના પ્રસંગ પછી પણ વડનગરના નાગરવણિકો પૈકી કેટલાક કુળના અનેક પેઢીગત સંસ્કારને લીધે જૈન મંદિરમાં જતા હતા. આમાંના છેલ્લા ગૃહસ્થ શ્રી વ્રજલાલ સખારામ દેવી કોઈ જ્ઞાતિજન ન જાણે તે રીતે જિનમંદિરે જતા. આ હકીકત મેં વડનગર જઈ ને તેમના ભૂતપૂર્વ મુનિમ શ્રી ચુનીલાલ ભીખાભાઈ પટેલ પાસેથી જાણી છે. શ્રી વ્રજલાલ સખારામનું મૃત્યુ વિ૰ સં૰ ૨૦૧૦ની આસપાસ થયું છે. તેમના તરફથી અપાયેલી રકમના વ્યાજમાંથી શ્રીમહાવીરજન્મવાચનના દિવસે (ભાદરવા સુદ ૧) ઉપાશ્રયમાં પ્રતિવર્ષ પ્રભાવના થાય છે. જો વ્યાજની રકમથી પ્રભાવનાનો ખર્ચ વધારે થાય તો શેષ રકમ તેમના સુપુત્ર શ્રી હસમુખલાલ વ્રજલાલ દેવી આજ સુધી આપે છે.

*

મોઢ, દિસાવાલ, પલ્લીવાલ, ખડાયતા આદિ વંશોના જૈન વણિકોના પણ અનેક ઉલ્લેખો મળે છે. તે અને અહીં જણાવેલા નાગરવણિકોના સમૂહો જૈન પરંપરામાંથી સાવ લુપ્ત થયા તે હકીકત એક રીતે સૂચક બની જાય તેવી છે. આમ થવાનાં કારણો પૈકી કેટલાંક કારણો એવાં પણ હોઈ શકે, જેની ચર્ચાનો અધિકાર લેવો મને ન પણ ગમે. વળી તે કેટલીક અપેક્ષાએ મારા અભ્યાસના વિષયથી પર છે. એટલે આ સંબંધમાં આ પ્રકારના અન્વેષકો અને અધિકારીઓને આ રીતે માત્ર અંગુલીનિર્દેશ કરી આ લેખ પૂર્ણ કરું છું.

અંતમાં, શાસ્ત્રીય અન્વેષણની જ અહીં દૃષ્ટિ રાખી છે તેથી કોઈના લાઘવદર્શનનો અંશ પણ મારામાં નથી એ વિનીત ભાવે જણાવું છું.

વડનગરના શ્રીજૈનસંઘના આગેવાન શેઠજી શ્રી ચંદુલાલ ચુનીલાલ શાહ તથા શ્રી ચુનીલાલ ભીખાભાઈ પટેલે મને કેટલીક માહિતી આપી છે તે બદલ તેમનો ઋણી છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org